ફો.કેસ. નં. ૨૭૫૩૬/૨૦૨૬

# અમદાવાદ (ગ્રામ્ય) ના ત્રીજા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી ની કોર્ટમાં

## -:આંક-૧ નીચે હુકમ:-

(૧) ફરીયાદ પક્ષે આરોપી પ્રકાશભાઈ વિક્રમભાઈ વાઘેલા વિરુધ્ધ બી.એન.એસ. કલમ-૨૮૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ સ્થળે અને સમયે અને તારીખે પોતાના કબજાનું વાહન જાહેર રોડ પર ઉભુ રાખી, આવતા જતા ટ્રાફિકને અકસ્માત થવાનો ભય પેદા કરી તેમજ રાહદારીઓને અડચણરૂપ કરતા મળી આવી, પકડાઈ જઈ ગુનો કરેલ છે.

(૩) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આરોપી આજરોજ કોર્ટમાં હાજર થતા તેઓની પ્લી લેવામાં આવતા તેમાં તેઓએ ગુન્હાનો ઈકરાર કરેલો છે અને તેઓએ અલગ કબુલાત પુરશીશ રજુ કરતા નોંધી, તે વંચાણે લેતાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

(૪) આરોપીની સ્વૈચ્છાપૂર્વકની ગુન્હાની કબુલાત ધ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીએ સદરહુ ગુન્હો કરેલ છે તેમ હું ઠરાવુ છું અને આરોપીની આર્થીક અને સામાજીક પરિસ્થિતી ધ્યાને લેતા તેમજ પ્રથમવાર ગુન્હો કરેલ હોય અને દયાની માંગણી કરતો હોય તે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## : હુ ક મ:

૧) આરોપી પ્રકાશભાઈ વિક્રમભાઈ વાઘેલા ને બી.એન.એસ. કલમ-૨૮૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/-(અંકે રૂપિયા એકસો પુરા )નો દંડ અને દંડ ન ભરે તો વિકલ્પે ૩ દિવસની સાદી કેદની સજા ફરમાવું છું.

આજ તારીખ-૧૧-મી, માહે-જુલાઈ, સને-૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬
અમદાવાદ.

(નારણ હરદાસ નંદાણીયા)
ત્રીજા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (ગ્રામ્ય)
કોડ નં.GJ00906

ટી.એન.રાઠોડ